# <u>પ્રેસનોટ</u>

## ગુજરાત રાજ્ય હજ સમિતિને એક ભવ્ય સફળતા

ગુજરાત રાજ્યનાં હજ યાત્રિકો માટે આનંદના સમાચાર છે. સમિતિના અધ્યક્ષ શ્રી ઈકબાલ સૈયદ અને સચિવ શ્રી આઈ. એમ. ઘાંચીએ એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવે છે કે, હજ યાત્રીઓને સગવડ મળી રહે તેવા ઉમદા આશયથી ગુજરાત હજ હાઉસની બાજુની જગ્યા ખરીદવા માટે ગુજરાત સરકારની સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. આ એક મોટી સિદ્ધિ છે, જે હજ યાત્રિકો માટે સુવિધા વધારવામાં મદદ કરશે.

આ મંજૂરી મેળવવા માટે હજ સમિતિના અધ્યક્ષ શ્રી ઈકબાલ સૈયદ, નાહિનભાઈ કાઝી, નાસિરખાન બલોચ, વકારભાઈ શેખ, રુકૈયાબેન એસ. ગુલામહુસૈનવાલા, ફૈયાઝઅલીભાઈ સૈયદ, આમદભાઈ જત, અકરમભાઈ શાહ, નઝહતબેન સેતા, અને ડૉ. મોહસિન લોખંડવાલા (અધ્યક્ષ, વકફ બોર્ડ) સહિતના સભ્યોએ સતત પ્રયાસો કર્યા હતા. તેમના આ અથાગ પ્રયાસોને કારણે આ સફળતા મળી છે.

આ સિદ્ધિ બદલ ગુજરાત રાજ્ય હજ સમિતિને ચારે બાજુથી શુભેચ્છાઓ મળી રહી છે. સમિતિ આ અંગેની આગળની કાર્યવાહી પણ સરળતાથી પૂર્ણ થાય તે માટે સમાજને દુઆ કરવાની નમ્ર વિનંતી કરે છે.

---

ક્રમાંક:હજસ-૧૦૨૦૨૫/૨૬-૮૦૯-હ.સ.
ગુજરાત રાજ્ય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮-૦૯-૨૦૨૫

(ઈમ્તિયાઝ એમ. ઘાંચી)
સચિવ,
ગુજરાત રાજ્ય હજ સમિતિ

નકલ રવાના -

- એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ,
- તમામ પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા.